ગાંધીનગર સમાચાર
તા. ૧૧-૧-૨૦૧૨, ગુરૂવાર

તંત્રી સ્થાનેથી.....

અંદર આગના ભડકા, બહાર ટાઢુંબોળ

છેલ્લા ઘણા દિવસોથી ઉત્તર ભારત સહિત ગુજરાતમાં ઠંડીનું મોજું ફરી વળ્યું છે. રાજધાની દિલ્હીનું લઘુત્તમ તાપમાન ૧ ડિગ્રીએ પહોંચ્યું હોય એવું અગાઉ ક્યારેય બન્યું નથી. કાશ્મીર, પંજાબ, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં આવી ઠંડી એ કોઇ નવાઇની વાત ન ગણાય. પરંતુ આબુમાં માઇનસ એક પર પહોંચી જતો પારો, અમદાવાદ જેવા મહાનગરને ભરડો લઇ બેઠેલી ઠંડી રૂપી નાગણ અને અને ગાંધીનગરને થીજવી મૂકતી શીતલહેર એ જરૂર અણધારી ઘટનાઓ ગણાવી જોઇએ. વૃક્ષોની નગરી ગાંધીનગરમાં ઠંડી જેટલી જ વિક્રમજનક ગરમી પણ નોંધાવા લાગી છે, જે શું સૂચવે છે? માણસે પ્રકૃતિ સાથે છેડછાડ કરી એટલે પ્રકૃતિ પણ એની તાકાતનો પરચો બતાવવા લાગી છે. ઋતુચક્ર બદલાવા લાગ્યું છે. જયાં દુકાળ પડતો હતો ત્યાં અનરાધાર વરસાદ પડવા લાગ્યો છે અને જયાં અતિવૃષ્ટિ થતી એવા અનેક પ્રદેશોમાં પીવાના પાણીના સાંસા છે. પ્રકૃતિનો આ કોપ સમજવા દુનિયાભરના વૈજ્ઞાનિકો દિવસરાત પરસેવો પાડી રહ્યાં છે. ધ્રુવ પ્રદેશનો બરફ ઓગળવા લાગ્યો છે, એથી પશ્ચિમના દેશોને હાલ પૂરતી નવી ક્ષિતિજો ખૂલતી લાગે છે. એથી ભવિષ્યમાં આવી પડનારી આફતોની એમને ચિંતા નથી. મુંબઇ જેવા દરિયા કિનારાનાં મહાનગરો સમુદ્રનો સ્તર વધવાથી પાણીમાં ગરકાવ થઇ જશે, એવી કાળવાણી સામે તે બધાં આંખ મિંચામણાં કરી રહ્યાં છે. ગંગા જેવી મોટી નદીનું ઉદ્‌ગમ સ્થાન એવી ગ્લેશિયર જ અદૃશ્ય થઇ જશે તે દિવસે એ પતિતપાવનની સુરસરિતા એક સાંકડું નાળું બનીને રહી જશે, એની કોઇને ફિકર છે ખરી? યુગોથી ગંગા એ ભારતીય સંસ્કૃતિનું પર્યાયવાચી નામ બની રહ્યું છે. શું એને બચાવી લેવા માટે કોઇ ગંભીર પગલાંની તાતી જરૂરિયાત નથી? પ્રયાગના કુંભનો પુણ્યલાભ લેનારા આપણા સંતો-મહંતો અને નેતાઓ આ મુદ્દે ક્યારે જાગશે?

એક તરફ દેશ આખો ઠંડીમાં થરથરી રહ્યો છે ને બીજી તરફ દિલ્હીના બહુચર્ચિત બળાત્કારકાંડથી આબાલવૃધ્ધના હૈયે ભડકા ઊઠી રહ્યાં છે. મીડિયા પાસે જાણે બીજું કશું બતાવવા કે વંચાવવા જેવું બચ્યું જ નથી. રોજરોજ યૌનશોષણની બીભત્સ ઘટનાઓની વણથંભી વણજારના સમાચાર જોઇ - સાંભળી હવે તો ઉબકાં આવવા લાગ્યાં છે. શું માનવજીવનની આવી ટ્રેજેડીનું પણ માર્કેટિંગ કરી એની રોકડી કરી લેવાની માનસિકતા પર લગામ કસવી જરૂરી નથી? આવી ઘટનાઓ રોકવાની જવાબદારી એકલી સરકારની કે પોલીસની જ છે? સમાજના આ દૂઝતા જખમને રૂઝવવા માટે સમાજે પોતે આત્મમંથન કરવાનું આ ટાણું છે. કોઇ કમનસીબ અબળા પર થતો અત્યાચાર એ આપણી જ બહેન-દીકરી ઉપર થતો દુરાચાર છે એવી સમજણ કેળવાશે તો જ પરિસ્થિતિમાં બદલાવ આવી શકશે.

સી.એમ.હાઇસ્કૂલના વિજ્ઞાનપ્રવાહના વિદ્યાર્થીઓએ પ્રાકૃતિક ઉદ્યાન ઇન્દ્રોડાની મુલાકાત લીધી

ગાંધીનગર, તા. ૧૦

શેઠ સી.એમ. હાઇસ્કૂલના વિદ્યાર્થીઓએપ્રાકૃતિક ઉદ્યાન ઇન્દ્રોડા પાર્કની મુલાકાત લીધી હતી. જીવવિજ્ઞાનના શૈક્ષણિક હેતુના આશયથી લેવામાં આવી હતી. વિજ્ઞાનપ્રવાહના ૧૩૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. પ્રકૃતિ શિક્ષણ દરમિયાનતેમણે ૪૦જેટલી જુદી જુદી વનસ્પતિઓની સમજ મેળવી. ૩૦ પ્રાણીઓની દેહરચનાની માહિતી મેળવી હતી. સમગ્ર શૈક્ષણિક કાર્યક્રમનું સંચાલન વિષ્ણુભાઇ પટેલ, નરેન્દ્રભાઇ પટેલે કર્યુ હતું, અલ્વાબેન ચૌહાણે વિદ્યાર્થીઓને ઉપયોગી માર્ગદર્શન આપ્યું હતું.

જિલ્લા પ્રશિક્ષણ કેન્દ્ર દ્વારા અંડર ૧૨ માટેની સ્પર્ધાઓનું આયોજન

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્રના સિનિયર કોચ એચ.બી. સાવલીયાએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે તા.૧૨મી જાન્યુઆરી ૨૦૧૩ના રોજ સવારે ૮.૩૦ કલાકે બેડમિન્ટન, યોગાસન, જિમ્નાસ્ટીક, જુડો, ટેબલટેનિસ, સ્કેટીંગ, ટેનિસ, સ્વીમીંગ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું છે.

જિલ્લા પ્રશિક્ષણ કેન્દ્ર સેકટર-૨૧ દ્વારા યોજાનાર અંડર-૧૨ નાની વય જૂથ વયના બાળકો માટેની સ્પર્ધાઓમાં એન્ટ્રી મોકલી આપેલ છે તે તમામ ખેલાડીઓએ બેડમિન્ટન સ્પર્ધા, યોગાસન અને જિમ્નાસ્ટીક સ્પર્ધા માટે સાઈ, સેકટર-૧૫, ગાંધીનગર, જૂડો માટે જે.એમ. ચૌધરી હાઈસ્કૂલ સેકટર-૭, ગાંધીનગર, ટેબલ ટેનિસ, સ્કેટીંગ, ટેનિસ સ્પર્ધા માટે સ્કૂલ ઓફ એચિવર, કુડાસણ તથા સ્વીમીંગ સ્પર્ધા માટે ઓમ લેન્ડમાર્ક સ્કૂલ, મોટા ચિલોડા ખાતે ૧૨મી જાન્યુઆરીએ સવારે ૮.૩૦ કલાકે હાજર રહેવું. આ સ્પર્ધાઓમાં જોડાવા માંગતા સ્પર્ધકોએ પોતાની શાળાના આચાર્યના સહી સિક્કા કરાવી એલિજીબિલીટી સાથે હાજર રહેવું.

રેશનલ સમાજ ગાંધીનગરની ૧૨મીએ બેઠક યોજાશે

ગાંધીનગર, તા. ૧૦

રેશનલ સમાજ ગાંધીનગરની આગામી માસિક બેઠક તા. ૧૨મી જાન્યુઆરી-૨૦૧૩ના રોજ સાંજે ૪.૩૦ કલાકે બ્લોક નં. ૬૧/૨, ઘ-ટાઈપ, સેક્ટર-૨૩, ગાંધીનગર, નિસર્ગ સાયન્સ સેન્ટર ખાતે યોજાશે.

રેશનલ સમાજ ગાંધીનગરની આ બેઠકમાં લેખક અને આઈ.એ.એસ. પ્રવીણભાઈ ગઢવી 'સાંપ્રત પ્રવાહમાં રેશનલ સમાજનું કર્તવ્ય' એ વિષય ઉપર પોતાનું જાહેર વક્તવ્ય આપશે. સર્વે રેશનાલીસ્ટ સભાસદોને બેઠકમાં સમયસર ઉપસ્થિત રહેવા મંત્રી પંકજ પટેલે ખાસ જણાવ્યું છે.

બેટા, એવું ન વિચારીશ કે વાઈબ્રન્ટ ફેસ્ટીવલ થયા પછી જ આવું ડેવલપમેન્ટ થશે,.. પણ આવું ડેવલપમેન્ટ થયું છે એટલે જ આવા ફેસ્ટીવલ થઈ રહ્યા છે.

ચૌધરી બી.સી.એ. કોલેજમાં સેવ બર્ડસ એન્ડ એનિમલ્સ ડે ઉજવાયો

ગાંધીનગરની અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત ચૌધરી કોલેજ ઓફ કમ્પ્યૂટર એપ્લીકેશનના વિદ્યાર્થીઓ દ્વારા તાજેતરમાં સેવ બર્ડસ એન્ડ એનિમલ્સ ડે અને ટ્રેડિશનલ ડે યોજાઈ ગયો. વિદ્યાર્થીનીઓ ટ્રેડિશનલ ડે ને લગતા ગણવેશમાં આવી હતી અને ડે નો આનંદ માણ્યો હતો. કોલેજમાં સેવ બર્ડસ એન્ડ એનિમલ્સ વિશે સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ટી.એલ. પટેલે પશુ-પક્ષી બચાવ વિશે માહિતી પૂરી પાડી હતી. બપોરે ગરબાનું સુંદર આયોજન કર્યું હતું. કાર્યક્રમના અંતે વિદ્યાર્થીનીઓએ પોતાના અભિપ્રાયો રજૂ કર્યા હતા.



પ્રેરણા વિદ્યાલયમાં આરોગ્યલક્ષી કાર્યક્રમ

પ્રેરણા વિદ્યાલય સેકટર-૫ ખાતે લાયોનેસ કલબ ગાંધીનગર તથા એમ.ઓ.એચ. ડૉ. દિનેશ બારોટના સંયુક્ત રીતે એનિમિયા તથા હેલ્થ અવેરનેશ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. ડૉ. ગજજર તથા ડૉ. સૂતરીયાની ટીમે બ્લડ ગ્રુપ, હિમોગ્લોબિનની ચકાસણી બાળાઓની કરી હતી. તન, મન, અને ધન ત્રણેયને સરખુ મહત્ત્વ આપવા જણાવેલ છે. ડૉ. વાસુકીબેન તથા ડૉ. હેમાબેને મુગ્ધાવસ્થામાં થતી સમસ્યાઓ નિરાકરણ વિષે માર્ગદર્શન આપેલ હતું. શાળાના ટ્રસ્ટી પ્રદિપસિંહ બિહોલા, આચાર્યા સ્વાતિબા રાઓલે આવા કાર્યક્રમો શાળા કક્ષાએ યોજવા જણાવેલ હતું. આવા આયોજન બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

છઠ્ઠી ગ્લોબલ સમિટ અંતર્ગત રોડમેપ ફોર સસ્ટેનિબલ ડેવલપમેન્ટ વિષય સંપન્ન કાર્યક્રમ

વાયબ્રન્ટ ગુજરાત-૨૦૧૩ઃ છઠ્ઠી ગ્લોબલ સુમિટ અંર્તગત આયોજીત શ્રેણબદ્ધ ચર્ચામંચ કાર્યક્રમો અન્વયે તારીખ ૮.૧.૨૦૧૩ના રોજ ગુજરાતમાં જીપીસીબીના પ્રથમ ગણાતા ગ્રીન બિલ્ડીંગ ન્યૂ પર્યાવરણ ભવનના સંપૂર્ણ સોલર ઊર્જા આધારિત ઑડિટોરિયમ ખાતે નોખા પરતું સૌને અનુકૂળ જણાયેલ સાંજના છથી આઠના સમય દરમિયાન-સસ્ટેનિબિલીટિ-ડેવલપિંગ સ્ટ્રેટેજીસ ટૂ મિટ એન્વિરોન્મેન્ટલ ચેલેન્જિસ ઑફ ૨૦૨૦ઃ રોડમેપ ફોર સસ્ટેનિબલ ડેવલપમેન્ટ વિષય હેઠળ ઉપયોગી અને કાર્યક્રમ સંપન્ન થયો છે.

અત્રેઉલ્લેખનીય છે કે, ભારતમાં ગ્રીન બિલ્ડીંગ અંગેની આઈજીબીસી-ઈન્ડિયન ગ્રીન બિલ્ડીંગ કાઉન્સીલ દ્વારા ગ્રીન હોમ્સ, ગ્રીન ફેક્ટરી, ગ્રીન એસઈઝેડ, ગ્રીન ટાઉનશીપ, લીડ ઈન્ડિયા એનસી-ન્યૂ કન્સ્ટ્રકસન તેમજ લીડ ઈન્ડિયા સીએસ-કોર ઍન્ડ શેલ બાબતે મૂલ્યાંકન કરીને પ્રમાણિત કરવામાં આવે છે. આ આઈજીબીસી સંસ્થા દ્વારા જીપીસીબીના ઉપરોક્ત ન્યૂ પર્યાવરણ ભવનને ગ્રીન બિલ્ડીંગના ધોરણો હાંસલ કરવા બદલ ગુજરાતની પ્રથમ ગ્રીન બિલ્ડીંગ ઈમારત અને ભારતમાં પ્રથમ સરકારી ગ્રીન બિલ્ડીંગ ઈમારતનું ગૌરવ પ્રદાન થયું છે. ઉપરોક્ત પ્રસંગે, રાજ્યના વન અને પર્યાવરણના માનનીય મંત્રીશ્રી ગણપતસિંહ વસાવાના વરદ્‌હસ્તે, રાજેયના વન અને પર્યાવરણના માનનીય રા.ક.મંત્રીશ્રી ગોવિંદભાઈ પટેલ ઉપરાંત અન્ય પદાધિકારીઓની ઉપસ્થિતિમાં જીપીસીબીને એનાયત થયેલ ગ્રીન બિલ્ડીંગ તરીકેના પદક-પ્લૅકનું અનાવરણ કરવામાં આવ્યુ હતું. સાથોસાથ આ મહાનુભાવોના વરદ્‌હસ્તે ગુજરાત સરકારની ગ્રીન ઍન્ડ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ અંગે થયેલ પ્રારંભના પ્રતિકરૂપ ન્યૂ પર્યાવરણ ભવન શિર્ષકની પુસ્તિકાનું વિમોચન પણ કર્યુ હતું.

આ કાર્યક્રમની વિશેષતામાં માત્ર બે કલાકના ટૂંકા ગાળામાં બે સત્ર યોજાયા હતા. જેમાં રાજ્ય, રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય કક્ષાએ પર્યાવરણના વિવિધ ક્ષેત્રે સક્રિય યોગદાન આપી રહેલ આશરે પંદર તજજ્ઞો, વિષય નિષ્ણાતો તેમજ તંત્રના ઉચ્ચ પદાધિકારીઓએ પ્રસંગોચિત સ્પષ્ટ વિચારો રજૂ કર્યા હતા.

આ સભાખંડમાં ખીચોખીચ ઉપસ્થિત પ્રેક્ષકોએ ચર્ચામંચના નોખાપાસાની નોંધ લઈને વખાણી હતી.

સામાન્યતઃ ટેક્નીકલ નિષ્ણાતોની અભિવ્યક્તિમાં આખા દિવસનો સમય પણ ઓછો પડે છે, જ્યારે આ નોખા કાર્યક્રમમાં સીએનબીસી ટીવી-૧૮ના ટૅક્નોલોજી અને સ્પેસિઅલ પ્રોજેક્ટના તંત્રીશ્રી સુરશ વેંકટે તેઓની આગવી શૈલીમાં ઍન્કર તરીકે સમયમર્યાદામાં નિષ્ણાતોને સમયના તંતુથી બાંધવા છતાં તેઓના સ્પષ્ટ વિચારો અભિવ્યક્ત કરાવીને કાર્યક્રમ જીવંત બનાવી રાખવામાં સફળ રહ્યા હતા. આ નાવિન્યસભર પ્રથા સૌને ગમી હતી.

ગુજરાત રાજ્યનુંપર્યાવરણ અને વિકાસમાં સંતુલિત રાખવા સંબંધિત વલણ તેમજ આગામી સમય ૨૦૨૦ના રોડમેપ આનુષંગિક વિઝનને સફળતા સાથે વાસ્તવિક પરિણામો હાંસલ કરવા માટે ગુજરાત રાજ્યની કટીબદ્ધતાનો શ્રી એચ.કે. દાશ, આઈ.એ.એસ., વન અને પર્યાવરણ વિભાગના અગ્રસચિવશ્રીએ પ્રસંશનીય ઉલ્લેખ કર્યો હતો.

જીપીસીબીના માનનીય અધ્યક્ષશ્રી ડૉ. કે.યુ. મિસ્ત્રીએ પર્યાવરણની જાળવણી સાથે વિકાસ કરવામાં સેફટી-સલામતી રાખવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. નગરના કચરાની સમસ્યા પરત્વેના પ્રશ્નના ઉત્તરમાં તેઓએ જણાવ્યું કે રાજયમાં નગરનો ઘન કચરો (વ્યવસ્થાપન અને જાળવણી) નિયમો, ૨૦૦૦ના અમલીકરણ પરત્વે મહા નગરપાલિકાઓ, નગરપાલિકાઓ, સ્થાનિક સંસ્થાઓ, તેમજ અન્ય વસાહતો દ્વારા એમએસડબ્લ્યૂ નિયમોના સઘન અમલીકરણ માટે જીપીસીબી દ્વારા જનજાગૃતિ કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા છે, ત્યારબાદ, જરુરી કિસ્સાઓમાં નોટીસ ફટકારવામાં આવી છે, તેમજ આ જનજાગૃતિ કાર્યક્રમોનો વેગ વધારવાની દિશામાંપણ કાર્યવાહી કરવામાં આવી રહેલ છે.

આ કાર્યક્રમમાં રિઝર્વ બેન્ક ઑફ ઈન્ડિયાના નાયબ ગવર્નર ડૉ. કે.સી. ચક્રવર્તી, એલ.એલ.પી. સંસ્થાના ઍન્વિરોન્મેન્ટ મેનેજમેન્ટ સેન્ટરના ઍક્ઝિક્યૂટિવ પ્રેસિડન્ટ, ડૉ. પ્રસાદ મોદક, વિક્ટોરિયન ગવર્ન્મેંટની ઍન્વિરોન્મેન્ટ પ્રોટેક્સન ઑથોરિટીના ચીફ ઍક્ઝિક્યૂટિવ ઓફિસર, શ્રી જ્હોન મેર્રીટ્ટ, બર્લિન ન્યૂક્લિયર સેફ્ટી, નેચર કન્ઝર્વેશન ઍન્ડ એન્વિરોન્મેન્ટ ફેડરલ મિનિસ્ટ્રીના ડેપ્યુટી ડાયરેક્ટર જનરલ શ્રી એફ.જે. શેફહોર્સેન, નીરી-નેશનલ ઍન્વિરોન્મેન્ટલ એન્જિનીયરીંગ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટના નિયામકશ્રી ડૉ. એસ.આર. વાટૅ, ઝાયડસ કેડિલાના ચેરમેન ઍન્ડ મેનેજીંગ ડિરેક્ટરશ્રી પંકજ પટેલ, હજીરા એલએનજી ઍન્ડ પોર્ટ કંપનીના મેનેજીંગ ડિરેક્ટર ઍન્ડ ચીફ ઍક્ઝિક્યૂટીવ ઓફિસરશ્રી નિતીન શુક્લા, પીડબ્લ્યૂસી ઈન્ડિયાના એસ્સોસિએટ ડિરેક્ટર ઍન્ડ એડવાયસરી, દીક્ષા વાટ્સ, યુનાઈટેડ ફોસ્ફરસના વાઇસ ચેરપર્સન સાન્ડ્રા આર. શ્રોફ, વિક્ટોરિયન ગવર્ન્મેન્ટ બિઝનેસ ઓફિસ, ઈન્ડિયાના ડાયરેક્ટર ટ્રેડ, શ્રી ગોપી શંકર, ધ એનર્જી ઍન્ડ રિસોર્સિસ ઈન્સ્ટિટ્યૂટ (ટેરી)ના સીનીયર ફેલો, ડૉ. સુનિલ પાન્ડે, તેમજ દોશીયોન વિઓલિયા વોટર સોલ્યૂસન્સના મેનેજીંગ ડિરેક્ટરશ્રી આશિત દોશીએ વિષય નિષ્ણાતો તરીકે આ ચર્ચામંચ કાર્યક્રમમાં વિષયોચિત સ્પષ્ટ અભિપ્રાયો રજૂ કર્યા હતા.

જીપીસીબીના ઑડિટોરિયમ ખાતે સંપન્ન થયેલા આ નોખા કાર્યક્રમને સફળ બનાવવા બદલ રાજ્યના વન અને પર્યાવરણના કેબીનેટ મંત્રીશ્રી તેમજ રા.ક. મંત્રીશ્રીએ જીપીસીબીના અધ્યક્ષ ડૉ. કે.યુ. મિસ્ત્રી, સભ્ય સચિવ શ્રી હાર્દિક શાહ સહિત સૌ સંબંધિતોને અભિનંદન પાઠવ્યા હતા.

- નરેશ ઠાકર

નહેરુ યુવા કેન્દ્ર ગાંધીનગર દ્વારા ૧૨મીથી રાષ્ટ્રીય યુવા સપ્તાહ ઉજવાશે

ભારત સરકારના યુવા કાર્યક્રમ અને ખેલ મંત્રાલય દ્વારા તા.૧૨મી જાન્યુઆરીથી ૧૯મી જાન્યુઆરી દરમિયાન રાષ્ટ્રીય યુવા સપ્તાહનું આયોજન દર વર્ષે થાય છે. જે અંતર્ગત નહેરુ યુવા કેન્દ્ર ગાંધીનગર, વિવિધ યુવા મંડળો, સ્વૈચ્છિક સંસ્થાઓના સહયોગથી જિલ્લામાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

સ્વામી વિવેકાનંદનો જીવન સંદેશ, યુવાનો માટે આદર્શ રૂપ છે. જે અંતર્ગત સ્વામી વિવેકાનંદની પ્રતિમાને પુષ્પાંજલિ, યુવા રેલી, નિબંધ લેખન, વક્તૃત્વ સ્પર્ધા, રક્તદાન શિબિર, શૌર્ય ગીત સ્પર્ધા, રાષ્ટ્રીય એકતાના શપથ, ચિત્ર સ્પર્ધા, યુવા સંમેલન, વોલીબોલ ટુર્નામેન્ટ, ક્રિકેટ ટુર્નામેન્ટ વગેરે યોજાશે. તા.૧૨મી જાન્યુઆરીના રોજ નહેરુ યુવા કેન્દ્ર દ્વારા સવારે ૯ કલાકે યુવા મિત્રો દ્વારા સિવિલ હોસ્પિટલનાં કેમ્પસમાં સ્વામી વિવેકાનંદજીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવશે. આ પ્રસંગે રાષ્ટ્રીય એકતા શપથ, તેમજ કલોલ ખાતે રકતદાન કાર્યક્રમ યોજાશે. વિધાનસભા ખાતે યુવા મિત્રો નહેરુ યુવા કેન્દ્રના યુથ કો-ઓર્ડીનેટર, ઝોનલ ડાયરેકટર, યુથ એવોર્ડી મિત્રો સ્વામી વિવેકાનંદના તેલ ચિત્ર ઉપર પુષ્પાંજલિ કરશે. યુવા ક્ષેત્રે સારી અને શ્રેષ્ઠ કામગીરી કરનાર સમાજસેવીને, યુવા મંડળને, ૧૦,૦૦૦ રૂ. યુવા પુરસ્કાર પણ આપશે. નહેરુ યુવા કેન્દ્ર ગાંધીનગર દ્વારા સમગ્ર સપ્તાહ દરમિયાન પ્રવૃત્તિઓ યોજાશે, તેમાં નવ યુવાનો ખાસ જોડાશે.

સી.એમ. હાઈસ્કૂલના પાર્થ પટેલ વક્તૃત્વ સ્પર્ધામાં દ્વિતીય ક્રમાંકે

તપોવન સંસ્કાર પીઠ અમીયાપુર ખાતે વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લાની ૧૮ શાળાઓએ ભાગ લીધો હતો. શેઠ. સી. એમ. હાઇસ્કૂલના વિદ્યાર્થી પટેલ પાર્થ પંકજકુમાર દ્વિતીય ક્રમાંક પ્રાપ્ત કર્યો હતો. રોકડ ઇનામને પ્રમાણપત્ર મેળવીને સંસ્થાનું ગૌરવ વધાર્યું હતું.

સ્વ-ચિત્તમાં પ્રતિષ્ઠિત વ્યક્તિને કંઇ પણ ન સતાવે, જે પોતાના આત્મજ્ઞાનમાં રત છે, તેવા ભગવાન શિવને વિષય વાસના ભ્રમિત કરી શકતી નથી

'નહિ સ્વાત્મરામં વિષયં મૃગતૃષ્ણા ભ્રમયતિ'

- શિવમહિમ્ન :

આત્મરતોને વિષય-વાસના અસર નથી કરતી.

સમસ્ત હિંદુ સમાજના સર્વાધિકારી દેવ એટલે ભગવાન શિવ. વૈજનાથથી સોમનાથ - અને કેદારનાથથી રામેશ્વર સુધીમાં ભાગ્યે જ એવું ગામડું મળશે જયાં શિવ મંદિર ન હોય. શિવ કલ્યાણકારી દેવ છે. કાવડિયાઓ આજે પણ ગંગાજળ લઇ રામેશ્વર સુધી ચાલતા જાય છે. સમસ્ત ભારતમાં એકયની ભાવના જેવી તેઓએ પેદા કરી છે તેવી ભાવના વિવિધતામાં એકતાના ગીતો ગાતા કોઇ પણ નેતાજી ઉત્પન્ન નથી કરી શક્યાં. શિવ તો સર્વેશ્વર છે. સૌના સમાન પ્રભુ. તેના દરબારમાં ઊચ્ચ નીચના ભેદ ભાવ નથી, તેના મંત્ર-જાપમાં વૈદિક-અવૈદિક તેવા નિયમો કે બંધનો નથી. શિવની સ્તુતિ કરનાર કૃત્યકૃત્ય થાય છે. એટલે કે તેના કર્મદોષો છૂટી જાય છે. શિવપુરાણમાં વાયુ દેવતા કહે છે,

'સર્વેષુ ગ્રહદોષેષુ અસ્વપ્નદર્શને રૂદ્રજાપ સર્વદોષે પ્રભુચ્યતે' તો જાબાલ - ઉપનિષદમાં યાજ્ઞવલ્ક્ય ઋષિ શિવનામ જપને અમૃત સમાન ગણાવે છે. શિવ શબ્દ કલ્યાણવાચક છે અને કલ્યાણને પર્યાય મોક્ષ છે. માટે શિવનામ પણ મોક્ષદાયક મનાય છે. સમસ્ત વિશ્વનું કલ્યાણ એ જે ભાવના તે જ શિવતા છે. પરાત્પર -બ્રહ્મમાં જે વિવિધ લક્ષણો તથા ગુણો શાસ્ત્રોમાં વર્ણવ્યા છે. તે તમામ ગુણોનો આરોપ નિર્ગુણ શિવ પર કરાયો છે. તેથી શિવ જ પરાત્પર પરમ બ્રહ્મ છે. બ્રહ્મની શક્તિને 'માયા' કહેવામાં આવી છે. માયા - શિવના સાનિધ્યે પ્રકૃતિ - સ્વરૂપે ઓળખાય છે. માયા તુ પ્રકૃતિ વિધાત, માયિનં મહેશ્વર - આમ શિવ - માયાના પતિ પણ છે. અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરનાર - સમસ્ત જગતના પરમ ધામરૂપ શિવ જ છે.

આવા પરમ દેવાધિદેવ માટે અપરંપાર સ્તોત્રો રચાય તે અતિ સ્વાભાવિક ગણાય. સ્તોત્રોમાં ગંધર્વ પુષ્ટદતે રચેલું 'શિવ-મહિમ્ન સ્તોત્ર' અપૂર્વ અને અનેરૂં છે. તેના રચયિતા કહે છે, આ સ્તોત્ર તો 'સુરવરમુનિ પૂજ્ય' છે. અને તે રચવાનો મુખ્ય હેતુ. 'સ્વર્ગ મોક્ષેક હેતુ' છે. આવા સર્વોત્તમ સ્તોત્રમાં ભગવાન શિવનો જે મહિમા વર્ણવાયા છે. તેમાં આઠમા શ્લોકની ઉપરોક્ત પંક્તિ છે. આ સમગ્ર શ્લોકમાં ભગવાનના ઘર-વખરી તથા સામગ્રીનું વર્ણન કરતાં કવિ કહે છે 'ભગવાન આપની આ સમૃધ્ધિ તો અતિ અલ્પ છે.' મહોક્ષ ચ્વટવાંગ... છતાં ઇન્દ્રાદિ દેવો પણ આપની કૃપા મેળવવા પ્રયત્નશીલ રહે છે.

સંસ્કાર ચિંતન

- અનંત વ્યાસ

ભગવાનની સમૃધ્ધિનું વર્ણન વાંચતા આપણને નવાઇ જ લાગે. શિવની મહાનતા તો જુઓ, પોતે સ્વયં મહેશ છે. ધનપતિ કુબેર તેના મિત્ર છે. રિધ્ધિ-સિધ્ધિના સ્વામી એવા ગણેશ તેના પુત્ર છે અનેક સંપત્તિદાયક હિમાલય સાસરા છે. આવા મહામાનવને શી વાતની ખોટ હોય... પણ... શિવજી... આપણા સમાજમાં બે પૈસા ભેગા થાય ત્યા તો માણસ ઊંચો ચાલવા લાગે. અભિમાનમાં કોઇ સામે ન જુએ. ભગવાન આવા લોકો માટે આદર્શ રજૂ કરે છે. ગમે તેટલી સમૃધ્ધિ હોય તો પણ અહંમમાં ન ડૂબો. પુષ્પદંત કહે છે 'નહિ આત્મારામ મૃગતૃષ્ણા ભ્રમયતિ' શિવ ઉચ્ચ કક્ષાએ છે. કારણ કે વિષય-તૃષ્ણાને મિથ્યા માને છે. સ્વ-ચિત્તમાં પ્રતિષ્ઠિત વ્યક્તિને કંઇ પણ ન સતાવે, જે પોતાના આત્મજ્ઞાનમાં રત છે. તેવા ભગવાન શિવને વિષય વાસના ભ્રમિત કરી શકતી નથી.

વિષય - મૃગતૃષ્ણા તો માનવોને ભ્રમિત કરે છે માણસ વિષયોના સુખ પામવા વારંવાર સંસાર-સમુદ્રમાં ગોથાં ખાતો રહે છે. ભગવાનની આ માયાનો પાર કોઇ નથી પામી શકતું. જે માયા પાછળ વાસના પાછલ અંધ બને છે. તેને માયા કે વાસના સાચો રસ્તો નથી દર્શાવતી. અધુરી કામનાઓને પુરી કરવા માટે સતત પ્રયત્નશીલ રહેતો માનવી અંતે થાકે છે. જગતગુરૂ શંકરાચાર્યજી વાસના માટે 'તૃષ્ણા' શબ્દ પ્રયોજી કહે છે કે આ તૃષ્ણા ચંચળ મર્કટી છે. જો માકડું શાંત બેસી શકે તો તૃષ્ણા શાંત થાય. તૃષ્ણા કાયમ વ્યક્તિને અસ્થિર રાખે છે. જે તૃષ્ણાને જીતે તે સ્થિર થયો કહેવાય ભગવાન શિવ 'સ્થાણું' ગણાય છે. સુખ અને શાંતિ પામવાની લાલચ તો આપણને સૌને હોય છે. આપણે વધારેમાં વધારે સંગ્રહ કરવામાં કે પછી એકત્રિત કરવામાં સુખ અને શાંતિ મળશે તેમ માનીએ છીએ. પરંતુ વિવેકી માણસ સુખ અને સમૃધ્ધિને અલગ પાડે છે. આ માટે એક ઉદાહરણ છે. એક સામાન્ય સ્થિતિનું દંપત્તિ ફરવા નીકળ્યું છે. તેના પાડોશીઓ ભારે ભભકાદાર તથા અતિ મોંઘી ગાડીમાં ત્યાંથી પસાર થયા. આ જોઇ પત્નીથી બોલાઇ ગયું.

આપણે પણ કયારેક આવા સુખી થશું. તેનો પતિ વિવેકી હતો તેણે તુરંત કહ્યું, 'ના વહાલી આપણે આટલા સમૃધ્ધ થશું તેમ કહે... કારણ સુખી તો આપણે અત્યારે પણ છીએ... સુખ સંતોષમાં છે. સમૃધ્ધિમાં નહિ.' પતિની આ સ્પષ્ટતા જીવનમાં ઉતારવા જેવી છે. દરેક પરિસ્થિતિમાં મનને શાંત રાખવાથી સુખની અનુભૂતિ થાય જ છે. લોભ કે મોહને વશ થયા વિના પ્રાપ્ત પરિસ્થિતિને આનંદથી સ્વીકારનાર સદૈવ સુખી જ હોય છે. ગમે તેવી સમૃધ્ધિ હોય છતાં માનવ અશાંત હોય છે કારણે તેનું મન-માંકડુ ચારેબાજું ફૂદાફૂદ કરતું હોય છે.

સ્વાભાવિક છે કે જે નથી છતાં દેખાય છે તે માત્ર ભ્રમ ઉત્પન્ન કરે છે. તેવું જ આ વિષયની તૃપ્તિની વાત છે. જે કયારેય તૃપ્ત નથી થતી તેના તૃપ્તિ માટેના પ્રયત્નો બળતા અગ્નિ પર પાણી નહિ પણ પેટ્રોલ છાંટવા સમાન ગણાય. ભર્તુહરિ તો સ્પષ્ટ કહે છે. ભોગો જીર્ણ થતાં નથી. આપણે જ જીર્ણ થઇ જઇએ છીએ. માટે વિષયો પાછળ દોડવા કરતાં સ્થિરતા પામવાના પ્રયત્નો કરવા જોઇએ. આવા પ્રયત્નો ક્યારે સફળ થાય. ભગવાન શ્રીકૃષ્ણ ગીતામાં સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો દર્શાવતાં આ બાબત સ્પષ્ટ કરે છે. 'જો વિષયમાં થોડો પણ રસ રહી ગયાં તો તે વારંવાર સંતોષ સાચા અર્થમાં કેળવવો અને તેનો દેખાડો કરવો બંને અલગ બાબત છે. જે કંઇ અપ્રાપ્ય હોય તેને પોતે છોડે છે તેવો દેખાવ કરી શકાય પણ. જે પ્રાપ્ય છે. સુલભ છે, તેને મેળવી લેવાનો અંસતોષ અવારનવાર ભભૂકી ઊઠતો હોય છે. એટલે માત્ર બાહ્ય દેખાડાના સંતોષથી શાંતિ ન જ મળે. તે માટે મનોનિગ્રહ કેળવવો પડે ચંચળ ચિત્તવૃત્તિ પર કાબુ મેળવવો પડે. યોગઃ ચિત્તવૃત્તિ નિરોધ' તેવી યોગની વ્યાખ્યા છે. ચિત્તવૃત્તિના નિરોધથી મન સંતુલિત રહે છે.

શિવ આસુતોષ દેવ છે. તેના ગુણો માટે તો 'સ્વયં શારદા લાંબો સમય લખતાં રહે તો પણ યાર ન આવે' તેમ કહ્યું છે તે